# માવજત

જયા પરેશાન પરેશાન હતી. તેને કાંઇ સૂઝતું નહોતું. આ છોકરીનું શું કરવું ? તેની સાથે કેવી રીતે વર્તવું ? રોજ ને રોજ તેને સજા પણ શી કરવી ? ગમે તેટલી સજા કરું, પણ તેને તો એની કશી અસર જ નથી ! આઠ-નવ  વરસની છોકરી, પણ બધાંને તોબા પોકરાવી દીધા છે. વર્ગ આખો માથે લીધો છે.

આજેય જયાએ વર્ગ લેવાનું શરૂ કર્યું, ત્યાં કમલાનાં તોફાન શરૂ થઇ ગયાં. જ્યા અત્યંત અકળાયેલા અવાજે  બોલી, 'કમલા તને થયું છે શું ? એક મિનિટ તું ચૂપ નથી બેસી શકતી ? હવે તો તને વર્ગમાંથી જ નહીં, નિશાળમાંથીયે કાઢી મૂકીશ. બીજી બધી છોકરીઓ કેવી ધ્યાનથી ભણે છે. અને તું આમ જોશે ને તેમ જોશે, ઘડીકમાં સ્કર્ટ ઊંચું કરશે ને નીચું કરશે, રિબન ખોલશે ને બાંધશે, કોઇકને ગલી કરશે ને કોઇકના પર કાગળનું તીર ફેંકશે. તારે તો ભણવું નથી, પણ બીજાનેય તું ભણવા દેતીનથી.....' આજે જયા બહુ જ અકળાઇ ગઇ.

કમલા ડાહ્યો-ડમરો ચહેરો રાખી બોલી – ' મેં હમણાં ક્યાં કાંઇ કર્યું છે. ચીમટો તો દીપાએ ભર્યો અને તીર
શિલ્પાએ ફેંક્યું.'

'દીદી કમલાએ જ અમને એમ કરવાનું શીખવ્યું.'

' એટલે કે હવે તું એકલી નહીં, તારી તોફાની ટોળકીયે ઊભી કરીરહી છે. !....' બોલતાં બોલતાં જયાએ જોયું કે કમલા પેલી બે તરફ ધૂરકી રહી છે, એટલે એનો પિત્તો ગયો : 'ચાલ, ઊભી થા, વર્ગમાંથી બહાર નીકળી જા !..... તુરત....સાંભળે છે કે નહીં ?'

'જી, બરાબર સાંભળું છું.' અને કમલા ઊભી થઇને છણકો કરતી વર્ગ બહાર નીકળી ગઇ. જયા જોતી જ રહી. સજાનેય આટલી બેફીકરાઇથી લેવી ! ન માફી માગવી, ન શરમ અનુભવવી. આ તે કેવી ગુસ્તાખી !

પહેલા તો જયા બીજી શિક્ષિકાઓ પાસે વાત કરતી. પણ હવે એ બધીય કંટાળી હતી.ઘરે પતિ પાસે પોતાની મૂંજવણ વ્યક્ત કરતી. પણ હવે પતિએ પણ કહી દીધું કે, ' તારી આ રોજની રામાયણ સાંભળીને હું થાકી ગયો.ઘરમાંય કમલાનું ભૂત તારા માથે સવાર થઇ જાય છે !'

એટલે જયા મનમાંને મનમાં મૂંઝાતી રહેતી. કમલાનાં તોફાન રોજને રોજ વધતાંજતાં હતાં. જયા ભણાવતી હોય ,
ત્યાં વચ્ચે સીટી વાગે; કે કાગડા- કૂતરાનો અવાજ સંભળાય કે મ્યાઉં થાય. તો ક્યારેક વચ્ચે ઊભી થઇને ચિત્ર-
વિચિત્ર સવાલ પૂછી પાડે.



'કમલા ! તું આવા નકામા સવાલો પૂછીને શું કામ બધાંનો સમય બગાડે છે ?

' અમને સમજાતું ન હોય તો પૂછીએ નહીં ? લ્યો , હું બહાર જતી રહું. તમતમારે ભણાવો બધાંને !

એક દિવસ જયાએ એને પાસે બેસાડી. માથે હાથ ફેરવી પૂછ્યું , 'કમલા, તું આવું કેમ કરે છે ?'

થોડી વાર એ મૂંગી રહી. પછી એકાએક બોલી ઊઠી, 'હું એક ખરાબ છોકરી છું ને એટલે.'

કોણે કહ્યું કે તું ખરાબ છે ?

' માં કહે છે, તું ખરાબ છે; બાપા કહે છે, તું ખરાબ છે; બધા કહે છે, તું ખરાબ છે. તમે પણ મને ખરાબ છોકરી નથી માનતાં ? બોલો !.... બોલો !' કહેતાં કમલાનો સાદ ઊંચો થઇ ગયો .

ઘડીભર જયા સડક થઇ ગઇ. પછી જાતને સંભાળી લઇ બોલી, 'ના, હું તો તને સારી છોકરી બનાવી દેવા માગું છું.'

'ના મારે, સારી છોકરી નથી બનવું.' અને પગ પછાડતી એ જતી રહી. જયાએ જોયું કે એની આંખો ભરાઇ આવી હતી.

ત્યાર પછી એના પ્રત્યે જોવાની જયાની દ્રષ્ટિ સાવ બદલાઇ ગઇ. એનાં તોફાનોનેય એ હળવાશથી લેતી થઇ. એનો કોઇ ને કોઇ ગુણ બતાવીને એનાં વખાણ કરતી થઇ. એને કાંઇ ને કાંઇ જવાબદારી સોંપતી થઇ.

નિશાળના વાર્ષિક ઉત્સવમાં જયાના વર્ગે પણ કાર્યક્રમ આપવાનો હતો. જયાએ કમલાને બોલાવી, 'આ કાર્યક્રમ બધો તારે સંભાળવાનો છે.'

'મારે ? . . .' કમલાની આંખ પહોળી થઇ ગઇ.

'હા, બેટા !' વહાલથી એના માથે હાથ ફેરવતાં જયાએ કહ્યું.

કમલા નાચી ઊઠી, અને જીવ દઇને તૈયારીમાં લાગી ગઇ. એનો કાર્યક્રમ બહુ વખાણાયો. એને ઇનામ મળ્યું. ઇનામ લઇને એ સીધી જયા પાસે દોડી ગઇ. એને ચરણ-સ્પર્શ કરી એના ખોળામાં માથું મૂકી ધ્રૂસકે ધ્રૂસકે રડી. જયા ઊભરાતી આંખે એને બરડે વહાલથી હાથ ફેરવતી રહી.

શ્રી શશિપ્રભા શાસ્ત્રીની મરાઠી વાર્તાને આધારે